

## સુપ્રભાતમ્

**સુરેશ પ્રા. ભટ્ટ**
079-23226251

### સલામી સવારની..

*સત્તા-મદથી, મન પર, લગામ રહેતી નથી !*
*ઓફર મોટી, લાંચ પર લગામ રહેતી નથી*
*રહેતી નથી લગામ ભાડૂતી ભીડના આવેશમાં-*
*બને છે બેફામ, લૂલી પર, લગામ રહેતી નથી*

**હાઈકુ**

*પી જાય શિસ્ત*
*સત્તામાં કાલવીને -*
*ખાય ડકાર...*

*વસ્ત્ર વિહીનો-*
*નાહા શું, નિચોવે શું ?*
*શિસ્ત-સંસ્કારે...*

*(આચારસંહિતાની તો ઐસી કી તૈસી)*

### ચિંતન

***અતિસંગો દોષમુત્પાદયતિ ।***

**ઉપરોક્ત સૂત્ર ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવ્યું છે.**

**અતિ આસક્તિ દોષ ઉત્પન્ન કરે છે.**

**કોઈપણ વિષયમાં અતિશય ડૂબી જવાથી, એના દોષ આપણને લાગુ પડે છે. કોઈપણ વસ્તુનો ઔષધિનો પણ વધુ પડતો ઉપયોગ અહિતજનક છે. કોઈપણ વસ્તુ એની સીમામાં એની મર્યાદામાં જ હિતકારક હોય છે. 'અતિ' હંમેશાં અનુચિત છે.**

**સ્નેહ સંબંધ હોય કે કોઈ દવા-દારૂ-ઉપચાર કે ક્રિયાઓ - દરેકને પોતાની મર્યાદા હોય છે. અતિની ગતિ નહીં. અતિ મિષ્ટ ખાવું ડાયાબિટીશને આમંત્રણ છે તો ખૂબ લીંબડો ખાવો એ નપુશકપણાને નિમંત્રણ છ. બધાં ઔષધને તેના ગુણધર્મની માત્ર અને મર્યાદા હોય છે.**

**અતિ સર્વત્ર વર્જ્યતે ।**

### સુવિચાર

- એક ઈંચનો સમય એ એક ચોરસ ઈંચ સોના જેટલો છે. પણ તમે એને સોનાથી ખરીદી શકતા નથી **- ચીની સમય**
- ઉન બદદુઆઓં સે ડરો, જો બોલકર નહીં દી જાતી **- ઓશો**
- કોઈ પરમનો સંગ કરવાથી અભય આવે છે. જ્યાંથી શુભ સંદેશ પ્રાપ્ત થાય એ સત્સંગ છે. **- મોરારિબાપુ**
- વ્યક્તિ જે સાંભળે છે તે કરવાનું શરૂ કરી દે તો ઘટના ઘટી શકે છે, એને હું સફળતા કહું છું. **- એસ. ભટ્ટાચાર્ય**
- લગ્નનો લાડવો ખાધા પછી માણસ ભારે પસ્તાય... જ્યારે બજારમાં કાજુકતરી દેખાય... **- સાંઈરામ દવે**
- નમતી ડાળને કારણ વિના વાઢી નાખી, પછી છાંયડાની શોધમાં જિંદગી કાઢી નાખી **- વિવેક ટેલર**
- આજનું ઔષધ : જાંબુના ઠળિયાનો પાઉડર ટુથ પેસ્ટ સાથે મિક્સ કરીને દાંતે મંજન કરવાથી દાંત મજબૂત બને છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

નેધરલેન્ડની લોકકથા છે. જંગલ પાસે ઊંચી ટેકરી પર વસેલું ગામ. જંગલમાં એક વાનર અને શ્વાન વચ્ચે દોસ્તી થઈ ગઈ. ગામના સરપંચને ત્યાં કંઈક સ્વાદિષ્ટ રંધાવાની સુગંધ કૂતરાને આવી. અને એણે વાનરને આ વાત કરી. પણ રસોડામાં ચીકન-બિરીયાની મેળવવી કેવી રીતે ?

બંને વિચાર કરી ઉપાય કરો. કૂતરો પોતાના સાથીદારોને લઈ જંગલમાં જઈ મોટે મોટેથી ભસવાનું શરૂ કર્યું. એટલે સરપંચ ને ત્યાં આવું લાગ્યું કે જરૂર કોઈ જંગલી જાનવર આવ્યું હશે. એટલે સૌ જંગલ તરફ દોડ્યા. આ બાજુ વાંદરાભાઈ એક માટીનો હાંડલો લઈ તેને બિરીયાનીથી ભરી દીધો. પછી વાંદરાભાઈ ટેકરી તરફ ભાગી શ્વાનની રાહ અગાઉ નક્કી થયા પ્રમાણે જોતા હતા. વાનરને વિચાર આવ્યો કે બધી મહેનત તો મારી છે અને આ બધાં હરામનું ખાઈ જશે. ત્યાં શ્વાન પણ તેમના મિત્રો સાથે આવી ગયા.

વાંદરાએ પ્રસ્તાવ મૂક્યો કે બિરીયાની ભરેલો હાંડલો ટેકરીના ઢાળ પરથી ગબડતો મૂકવો. તે નીચે પહોંચે અને સૌમાંથી જે નીચે પહેલા પહોંચે તે બધી બિરીયાની ખાય. શ્વાને આ પ્રસ્તાવ સ્વીકાર્યો. ટેકરી પરથી વાંદરાભાઈએ માટીનો હાંડલો રગડાવ્યો. વાનરભાઈ ખુશ થતો થતો મોટા કૂદકા મારતો તળેટીમાં પહોંચી ગયો. એને એમ કે હમણા હાંડલો આવશે અને બધી બિરીયાની પર મારો હક થશે. પણ બન્યું એવું કે માટીનો હાંડલો અધવચ્ચે જ ફૂટી ગયો. બધી બિરીયાની બહાર ઢોળાઈ ગઈ. કૂતરાભાઈએ તેના દોસ્ત સાથે જ્યાફત માણી. નીચે વાંદરો મોં વકાસીને વાટ જોતો રહ્યો. દોસ્તીમાં સ્વાર્થ સાધનારની આ જ દશા થાય છે.

# રાજકારણમાં ફૂટ્યો જાતિવાદનો નવો ફણગો

**તંત્રીસ્થાનેથી...**

મહાત્મા ગાંધી જન્મે વણિક હતા પરંતુ પોતાને વણકર તરીકે ઓળખાવતા. ભારતના બંધારણના ઘડવૈયા ગણાતા ડૉ. બાબાસાહેબ આંબેડકરને પોતે અસ્પૃશ્ય ગણાતી મહાર જાતિના હોવાને કારણે જિંદગીભર જે અપમાનજનક વ્યવહાર સહન કરવો પડ્યો એથી એમણે હિંદુ ધર્મની સાથે છેડો ફાડી બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો. જાતિ અને વર્ણ એ સનાતન હિન્દુ ધર્મ સાથે પરંપરાથી સંકળાયેલી કડવી વાસ્તવિકતા છે. આદિવાસીઓને હિન્દુ કોડ બિલ જેવા કાયદા નથી નડતા કારણ કે તેઓ મૂળભૂત રીતે પ્રકૃતિપૂજકો છે અને એમનામાં વર્ણવ્યવસ્થા નથી. અદાલત એવું માને છે કે આદિવાસીઓ હિંદુ નથી. હમણાં વિધાનસભાના અધ્યક્ષો મોરવાહડફના ધારાસભ્ય ભૂપેન્દ્રસિંહ ખાંટને આદિવાસી અનામત બેઠક પર ખોટી રીતે ચૂંટણી લડેલા જાહેર કરી એમનું ધારાસભ્યપદ રદ કર્યું છે અને રાજ્યપાલે એના પર સંમતિની મહોર મારી દીધી છે.

ભૂપેન્દ્ર ખાંટ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટાયા હતા. એમની સામેના ભાજપના ઉમેદવારે એમની ઉમેદવારી સંદર્ભે વાંધો લીધો હતો કે તેઓના પિતા વેચાતભાઈ બક્ષીપંચની ખાંટ અટક ધરાવતા નાગરિક છે તેથી તેઓ આદિજાતિ અનામત બેઠક પરથી ચૂંટણી લડી શકે નહીં. ચૂંટણી અધિકારીએ આ વાંધા અરજી ફાઈલે કરી હતી અને ભૂતપૂર્વ કોંગ્રેસી ધારાસભ્ય અનિતાબેન ખાંટ કે જેઓ આદિવાસી હતાં એમના પુત્ર તરીકે ભૂપેન્દ્ર ખાંટ અપક્ષ ઉમેદવાર તરીકે આ ચૂંટણીમાં વિજેતા થયા હતા. આદિવાસી માતા અને ઓબીસી પિતાના ફરજંદ એવા ભૂપેન્દ્ર ખાંટનું ધારાસભ્ય પદ રદ થયું એની પાછળ રાજકીય કારણ પણ હોઈ શકે છે.

લોકસભાના પંચહાલ બેઠકના ઉમેદવાર વેચાતભાઈ ખાંટ કોંગ્રેસમાંથી ચૂંટણી લડી રહ્યા હોઈ કિન્નાખોરીપૂર્વક આવું પગલું ભરાયું હોવાનું મનાઈ રહ્યું છે. સરકારની સ્ક્રુટિની કમિટીએ ભૂપેન્દ્ર ખાંટનું આદિજાતિનું પ્રમાણપત્ર રદ કર્યું છે અને પિતૃપક્ષે ઓબીસી ઠેરવ્યા છે. પરંતુ હજી અદાલત શું કહે છે તે જોવાનું બાકી છે. ટેકનિકલી, આપણો સમાજ પુરુષપ્રધાન અને પરિવાર પિતૃપ્રધાન હોવાથી સ્ક્રુટિની કમિટીનો નિર્ણય ભલે બરાબર ગણાય પરંતુ માતૃપક્ષે ભૂપેન્દ્ર ખાંટ આદિવાસી માતાનું ફરજંદ હોઈ એમને ન્યાય થયો ન જ ગણાય.

મહાભારતના મહાન નીતિશાસ્ત્રી વિદુર એમના અન્ય બે ભાઈઓ ધૃતરાષ્ટ્ર અને પાંડુની જેમ જ મહર્ષિ વેદવ્યાસના નિયોગકર્મથી ઉત્પન્ન થયા હતા. પિતૃપક્ષે તેઓ બ્રાહ્મણ ગણાય પરંતુ માતા દાસી હોવાથી આજીવન એમને શૂદ્ર તરીકે જ સ્વીકૃતિ સાંપડી હતી. બની શકે કે ન્યાયાલય આવો મુદ્દો ઉપસ્થિત કરી રદ થયેલું ધારાસભ્યપદ ભૂપેન્દ્ર ખાંટને પુનર્જીવિત કરી આપે. અલબત્ત, જે કાંઈ થયું છે તે અંગત રીતે ભૂપેન્દ્ર ખાંટને આઘાત પહોંચાડનારું હોઈ શકે પરંતુ જાતિવાદના મુદ્દે ગુજરાતના રાજકારણમાં નવો ફણગો ફૂટ્યો છે એટલું નક્કી !

# ધર્મ એટલે શું ?

ધર્મ એટલે શું ? આ એક એવો પ્રશ્ન છે જેના જવાબો અનેક છે. ધર્મ વિશે અત્યાર સુધી જે જોવા મળ્યું છે, જાણવા મળ્યું છે, સાંભળ્યું છે, અનુભવ કર્યો છે, શાસ્ત્રોમાં લખ્યું છે એ અનુસાર ધર્મ માટે આમ કહી શકાય. ધર્મ એટલે આત્મભાન અને આત્મજ્ઞાન. ધૃ ધારયતિ ઈતિ ધર્મ. જે સૌને ધારણ કરે છે તે ધર્મ. જીવનની પળ જે માગે એ કરવું તે ધર્મ. અહિંસા પરમો ધર્મ. સત્ય અને ન્યાય એટલે ધર્મ. આત્માની દૃષ્ટિએ પાળેતી નીતિ એ ધર્મ. ધર્મ એટલે મનને અંકુશમાં રાખવાની યુક્તિ. શાસ્ત્રો કહે તે પ્રમાણે કરવું તે ધર્મ. ધર્મ એટલે જીવનનું વિજ્ઞાન. આત્માના અવાજ મુજબ કરવું તે ધર્મ. મંદિરોમાં જવું, દર્શન કરવાં, કથાઓ સાંભળવી, યાત્રાઓ કરવી, દાન કરવું તે ધર્મ. ધર્મ એટલે ફરજ. ઈશ્વરની પ્રાર્થના કરવી તે ધર્મ.

મુંઝાઈ ગયા ને ? માણસે માણસે ધર્મની વ્યાખ્યા બદલાઈ જાય છે. જેવા પાત્રમાં પાણી ભરીએ પાણી તેવો આકાર ધારણ કરી લે છે. હકીકતે પાણી પોતે તો નિરાકાર છે, ધર્મનું પણ કંઈક આવું જ છે. ધર્મ માટે જે કોઈ માઈલસ્ટોન આજસુધી બન્યા છે તે વ્યાખ્યામાં પડ્યા જ નથી. બુદ્ધ ભગવાને કરૂણા, મહાવીર ભગવાને અહિંસા, શ્રીકૃષ્ણ ભગવાને પ્રેમ, રામચંદ્ર ભગવાને સત્ય-વચનપાલન, મધર ટેરેસાએ રોગીઓની સેવા-સારવાર, સીતાજીએ એક પતિવ્રત, સતી સાવિત્રીએ પતિની સેવા, મહંમદ પયગંબર સાહેબે અપરિગ્રહ, રાણા પ્રતાપે ટેક, નરસિંહ મહેતા, મીરાંબાઈ, ગંગાસતિ, તુલસીદાસે ભક્તિ, જલારામે અન્નક્ષેત્ર - સદાવ્રત, પ્રમુખ સ્વામી મહારાજે ભલાઈમાં પોતપોતાનો ધર્મ બજાવ્યો ને અમર થઈ ગયા.

ધર્મ બહારથી લાદી શકાતો નથી. ધર્મ માટે ફરજ પાડી શકાતી નથી. ધર્મ બીબાંઢાળ નથી, ધર્મ કોઈનો ઈજારો નથી. ધર્મ કોઈ સ્પર્ધા નથી, ધર્મ પ્રદર્શનની ચીજ નથી. ધર્મ તો કોઈ પહાડમાં પ્રગટ થતા નિર્મળ ઝરણા જેવી સ્વયંભૂ પ્રગટ થતી હૃદયની ભાવના-ચેતના છે.

ધર્મ હવે ધંધો થઈ ગયો છે અને ધંધામાં ધર્મ રહ્યો નથી. જગતમાં જો સૌથી વધુમાં વધુ અધર્મ થતો હોય તો તે ધર્મમાં થાય છે. દાનપેટીઓ ચોરાઈ જાય છે, મંદિરમાં વહેલા અને પહેલા દર્શન કરવાના ભાવ બોલાય છે. દાતાના નામની આરસની તકતી મૂકવાની ખાતરી કર્યા વગર દાનની પાવતી ફાટતી નથી, ભગવાનને નવા વાઘા ને ઘરનાં બાળગોપાલન નાગાં ફરે, દ્વાર ઉપર બાળકો ભૂખ્યાં ને પ્રભુને અન્નકૂટ ધરાવાય, મંદિરની માને નવીનકોર ચૂંદડી અને ઘરની માને થીગડાંવાળી સાડી - જે કરવા જેવું છે એ રહી જાય છે ને ન કરવા જેવું કરવામાં જિંદગી વેડફાઈ જાય છે.

બાજરી વાવી હોય અને ઘઉં ઉગ્યા હોય એવું હજુ સુધી તો બન્યું નથી. કોઈને દુખી કર્યા પછી સુખની અપેક્ષા વ્યર્થ છે. કરો તેવું પામો અને વાવો તેવું લણો એ પ્રકૃતિનો અફર નિયમ છે. પાંચસો ગાયોનું ધણ હોય ત્યાં એક વાછરડાને છૂટું મૂકી દો એ પોતાની માના આંચળને શોધી લે છે તેમ જેણે જે કર્મ કર્યું છે તે તેના કર્તાને શોધી જ લે છે. તમે સારાં કર્મો કરો તો પછી ખુદ ભગવાનનીય તાકાત નથી કે તમને ખરાબ ફળ આપે. ઘઉંમાથી ઘઉં જ ઊગે એવી એક વત્તા એક બરાબર બે જેવી સ્પષ્ટ વાત છે. ચોખ્ખા ઘીનો શીરો ગળે ઉતરી જાય, એવી ધર્મની એક વ્યાખ્યા જડી ગઈ છે : સારાં કર્મો કરો.'

બસ, બીજું કશું કરવાની જરૂર નથી. જાગ્યા ત્યારથી સવાર. સત્કર્મ એ જ સાચો મર્મ છે.

**- પી. એમ પરમાર**



# આવો, માતૃભાષા અને અંગ્રેજી ભાષાનું મહત્વ સમજીએ



**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**

વિશ્વની સૌથી વધુ બોલાતી ત્રણ ભાષાઓમાં પ્રથમ ક્રમે ચીની, બીજા ક્રમે સ્પેનિશ અને અંગ્રેજી ત્રીજી છે. આમ છતાંય આજે વિશ્વભરમાં રાજ અંગ્રેજી ભાષા જ કરે છે. ચીની પ્રથમ હોવાનું કારણ તો એની વસ્તી છે. અને અંગ્રેજીનું મહત્ત્વ એની વૈશ્વિકતા છે. એ આપણે સૌ જાણીએ છીએ.

જેમ દરેક ભાષાની પોતાની એક આગવી સંસ્કૃતિ હોય છે. તેમ અંગ્રેજી ભાષા આખા વિશ્વની સંસ્કૃતિઓનું પ્રતિનિધિત્વ કરે છે. વિશ્વના મોટાભાગના મુખ્ય મુખ્ય દેશોના અનેક સર્જકો, વિદ્વાનો, વૈજ્ઞાનિકો, ડૉકટરો કે કંપનીઓના ડિરેક્ટરો આજે અંગ્રેજી ભાષામાં પોતાના પુસ્તકો લખવાનું પસંદ કરે છે. જે આપણા સુધી પહોંચતા આખો યુગ બદલાઈ ગયેલો હોય છે.

અંગ્રેજી ભાષા આપણને વૈશ્વિક પરિવર્તનની જાણકારી-જ્ઞાન આપે છે. બદલાતા વિશ્વની સાથે જોડે છે. કેમ કે આજે વિશ્વ એક આધુનિક મહાનગર બની ગયું છે. જેમાં દરેક ભાષાનાં, રાજ્યનાં, જ્ઞાતિ-જાતિનાં, ધર્મના, દેશના સૌ લોકો સાથે મળીને જીવી રહ્યાં છે. આ બધાનું પ્રત્યાયનનું માધ્યમ સૌની માતૃભાષા નહીં પણ વૈશ્વિક ભાષા અંગ્રેજી છે. દિલ્હીમાં "ઈન્ડો – ચાઈના ટ્રેડ સેન્ટર" ( આઈસીટીસી) ના પ્રેસિડેન્ટ શ્રી વી.કે.મિશ્રા મારા મિત્ર છે. તેમના એક નિમંત્રણથી હું (૨૭,માર્ચ,૨૦૧૯) દિલ્હીમાં "ઈન્ડો ચાઈના બિઝનેશ સેમિનાર"માં ગયેલો, ચીની કૉલેજીયન યુવક યુવતિઓ લાખો, કરોડો મિલિયન ડોલરોના બિઝનેશની બધાને માહિતી આપી રહ્યાં હતાં. આ યુવક યુવતિઓ નવી નવી કંપનીઓ ચલાવે છે. ભારતીય બિઝનેશ મેન સાથે મિટિંગો કરીને બિઝનેશ કરે છે. ત્યારે તેઓ ચીની નહીં અંગ્રેજીમાં વાતચીત કરે છે. આમ અંગ્રેજી બે દેશોને, સંસ્કૃતિઓને, બે બિઝનેશોને જોડવાનું કામ કરે છે.

આજે કોઈપણ દેશ સાથે કે કંપની સાથે નોકરીથી જોડાવવું છે તો સૌ પ્રથમ અંગ્રેજી આવડવું જરૂરી જ છે. કેમ કે વિશ્વની મોટી મોટી કંપનીઓ અંગ્રેજી આવડતું હોય એને જ નોકરીઓ આપે છે. વળી એક સત્ય એ પણ છે કે ભારતમાં અને વિશ્વમાં ઘણા અભ્યાસક્રમો, ડિગ્રીઓ એવી છે કે જે માતૃભાષામાં શક્ય જ નથી. એન્જીનીયરીંગ, એમ.બી.એ, આઈ.ટી, મેડિકલ, ફાર્માસી, એમ.સી.એ, સી.એ. .. જેવાં હાઈપ્રોફાઈલ વ્યાવસાયિક વૈશ્વિક ડિગ્રી ડિપ્લોમા કૉર્ષોનું માધ્યમ અંગ્રેજી છે. અને ધારો કે આપણી માતૃભાષાના પ્રેમને કારણે એનું માધ્યમ ગુજરાતી થયું અને આપણે ડિગ્રી પણ લઈ લીધી પણ દેશમાં ગમે ત્યાં કોઈ કંપનીમાં નોકરીના ઈન્ટરવ્યુંમાં ગયા ત્યારે શું ? અથવા એમાં આગળ વધવા માટે, સંશોધન કરવા માટે અનેક સંદર્ભ ગ્રંથો માતૃભાષામાં ક્યાંથી લાવીશું ? એ બધા અંગ્રેજીભાષામાં જ મળશે. આ કારણે પણ અંગ્રેજી માધ્યમ જરૂરી છે.

એક ટી.વી.ન્યૂઝ ચેનલના સર્વે મુજબ ૭૫ ટકા આપણા ભારતીય આઈ.ટી. એન્જીનીયર નોકરી માટે લાયક નથી. ૬૦ ટકા એમ.બી.એ નોકરી માટે લાયક નથી. ૫ ૨ ટકા ફાર્માસી કરનાર લાયક નથી. કારણ એ છે કે આ બધા શિક્ષિતો મોટેભાગે માતાપિતાની કે અન્ય કોઈની વાત માનીને, દેખાદેખીમાં કે ઓળખાણથી, ભલામણથી કે ડોનેશનથી આવા ડિગ્રી કોર્ષોમાં એડમિશન તો લઈ લે છે પરંતુ સરખું અંગ્રેજી નહીં આવડતું હોવાને કારણે માંડ માંડ પાસ થઈને પણ સાચું અને ફાંકડું અંગ્રેજી બોલી શકતા નથી. અને પરિણામે સારી સારી કંપનીઓ આવા ઉમેદવારોને ક્યારેય નોકરીઓ આપતી નથી. આપણી આસપાસ આવા અનેક ડિગ્રીધારીઓ વિના નોકરીએ હરતા ફરતા હશે. આવા બધા વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં સતત અપગ્રેડ થતું રહેવું પડે છે. વૈશ્વિક કક્ષાએ થતી નવી નવી શોધોની જાણકારી, એનો સતત અભ્યાસ થવો જરૂરી છે. પરંતુ આ બધુ ઈન્ટરનેશનલ અંગ્રેજી ભાષામાં હોવાથી આપણા ભારતીય યુવાનો અપગ્રેડ થઈ શકતા નથી. અને માત્ર ડિગ્રી લઈને સંતોષ માની બેસી રહે છે. માત્ર માતૃભાષા કેટલા યુવાનોને નોકરી કે વ્યવસાય આપી શકશે ? કેટલું જ્ઞાન વધારી શકશે ? કેટલો વિકાસ કરી શકશે ? આ અંગે પણ વિચારવું જોઈએ. માતૃભાષાનું મૂલ્ય ચોક્કસ હોવું જોઈએ પણ માતૃભાષાનું મહત્ત્વ સમજાવનારા કેટલા બુદ્ધિજીવીઓ, સર્જકો, સ્વયંસેવકો, નેતાઓ, અધિકારીઓ, ડોકટરો કે ઉચ્ચ સ્થાને બિરાજમાન પ્રબુદ્ધો એવા છે કે જેમના સંતાનો કે પૌત્રો કે દોહિત્રોએ પોતાની માતૃભાષામાં અભ્યાસ કર્યો છે અથવા કરે છે ? એનો પણ સર્વે થાય તો ખબર પડે કે સત્ય શું છે. જેમ આપણે કહીએ છીએ કે પહેલા માતૃભાષામાં ભણો અંગ્રેજી પછી. પરંતુ માતૃભાષામાં અભ્યાસ કર્યા પછી કેટલા યુવાનોને સારી નોકરી મળી ? કે તેઓ સારું અંગ્રેજી શીખ્યા ? એના કરતા ગ્રેજ્યુએશન સુધી અંગ્રેજી માધ્યમમાં જ અભ્યાસ કરવો જોઈએ અને સાથે સાથે માતૃભાષા સ્કૂલ - કૉલેજ અને ઘેર શીખવાનું રાખવું જોઈએ.

આપણા દેશમાં આજે માતૃભાષાને એક આંદોલનનું રૂપ આપવામાં આવે છે. તો વળી ઘણી વખત અંગ્રેજીને આપણી દુશ્મન માનીને એનો તિરસ્કાર, બહિષ્કાર કરવામાં આવે છે. શા માટે ? આ નવી પેઢી જો અંગ્રેજીથી વંચિત રહી જશે તો આવનારા વર્ષોમાં એમને કેટલી તકલીફ પડશે એ કેમ કોઈ વિચારતું નથી ? પરંતુ અફસોસ એ છે કે આજે માતૃભાષા રાજનીતિનો એક વિષય બનતી જાય છે. જેની પાછળ ઘણા ઉચ્ચ ઉદ્દેશ્યો કામ કરતા હોય છે. જો અંગ્રેજી ઓક્સફોર્ડ ડિક્ષનેરીમાં ગુજરાતી, હિંદી કે અન્ય ભાષાઓના શબ્દો ગ્રાહ્ય કરાતા હોય તો આપણે અંગ્રેજી શબ્દો કેમ સ્વીકૃત ના કરીએ ? આપણે શા માટે પ્રચલિત અંગ્રેજી શબ્દોનો બહિષ્કાર કરીને સામાજિક વ્યવસ્થાથી જુદા પડવું જોઈએ ? કે હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકાવું જોઈએ ? આપણે કોઈ મોબાઈલની દુકાને જઈને કહીએ કે મને " ભ્રમણભાષ " બતાવશો ? તો દુકાનદાર આપણને કેવી નજરે જોશે ? એ અખતરો એક વાર કરવા જેવો છે. આ ઉપરાંત રેલવે સ્ટેશન માટે અગ્નિરથ વિરામસ્થાન, સાયકલ – સ્કૂટર માટે દ્વિચક્રી વાહન, કિબોર્ડ માટે કુંજીપટલ, કૉમ્પ્યુટર માટે સંગણક, વેબસાઈટ માટે જાળ સ્થાન, ઈન્ટરનેટ માટે આંતરજાળ, ઈ-મેલ માટે વિજાણુ પત્ર, ફેસબૂક માટે મુખપોથી.. વગેરે વપરાતા ગુજરાતી શબ્દો સાચા છે પણ વ્યવહારમાં વાપરવા કેટલે અંશે યોગ્ય છે ? પેન ડ્રાઈવ, હાર્ડ ડિસ્ક કે ટ્વીટર માટે ગુજરાતી શબ્દો મળે તો ય એને કોણ વાપરશે ? આવી ભદ્રંભદ્રીય માતૃભાષાનો વિરોધ તો છેક પંડિત યુગ વખતે થઈ ચૂક્યો છે. જ્યાં અંગ્રેજી શબ્દો પ્રચલિત છે ત્યા અંગ્રેજી શબ્દો જ વાપરવા જોઈએ. અરબી ફારસી કે હિંદી છે ત્યા એ જ વાપરવા જોઈએ. માતૃભાષાને ભદ્રંભદ્રીય બનાવી સમાજમાં હાસ્યાસ્પદ સ્થિતિમાં મુકાવાનું કોણ પસંદ કરશે ? માતૃભાષાના ચૂસ્ત સંવાહકો પણ ઘરમાં, ઓફિસમાં કે બજારમાં તો મોબાઈલ. કૉમ્પ્યુટર, કાર, સ્કૂટર, ઈન્ટરનેટ, ઈ-મેલ જેવાં અનેક અંગ્રેજી શબ્દો જ બોલે છે. તો પછી બીજાને શા માટે .... ? હા, જુના જે તળપદા શબ્દો છે. એના રક્ષણ માટે કંઈક કરવાની જરૂર છે. પણ એ તળપદા/દેશ્ય શબ્દોનો ઉપયોગ આજે આ ૨૧મી સદીમાં કેટલા લોકો કરશે ? અને આમેય સમય બદલાય એમ ભાષા, શબ્દો, અર્થો.. બધુ બદલાવાનું જ છે. અને બદલાવું પણ જોઈએ. જો શબ્દો વિલાતા જાય છે તો નવા શબ્દો ઉમેરાતા પણ જાય છે.

અંગ્રેજી ભાષા વિશ્વની બધી ભાષાને પોતાનામાં સમાવે છે અપનાવે છે. અંગ્રેજી સાહિત્ય આધુનિક યુગની બધી ભાષાના સાહિત્ય કરતા ખૂબ આગળ છે. અંગ્રેજી ભાષા વ્યક્તિનો આત્મવિશ્વાસ વધારે છે. અંગ્રેજીનો વિદ્યાર્થી દુનિયાના કોઈપણ દેશમાં જઈને કોઈપણની સાથે સામાજિક, સાહિત્યિક, વ્યાવસાયિક, રાજનીતિક વૈચારિક આદાન પ્રદાન, સંવાદ કરી શકે છે. પણ જે માત્ર પોતાની જ માતૃભાષાનો ઝંડો લઈને ગ્રેજ્યુએશન કે ઉચ્ચ ડિગ્રીધારી હશે તો પણ તેનું મૂલ્ય ને મહત્ત્વ માત્ર માતૃભાષા સુધી સીમિત રહેશે. જ્યારે અંગ્રેજીથી વૈશ્વિક વિચારકો, વૈજ્ઞાનિકો, રાજનીતિજ્ઞો, બૌધિકો, સર્જકોના ગ્રંથો વાંચી શકાય છે. એમના વિચારો જાણી શકાય છે. આજની પ્રવાહી વૈશ્વિક પરિસ્થિતિમાં અમેરિકા, જાપાન, કોરિયા, રશિયા, ચીન કે કોઈપણ દેશના વડાપ્રધાન કે બૌધિકો શું વિચારે છે, બોલે છે તે અંગ્રેજી આવડતું હશે તો જ જાણી શકાશે. પરંતુ આપણી કરૂણતા છે કે આપણે ત્યાં શિક્ષણનીતિ કે ભાષાનીતિને નામે રાજનીતિ થાય છે. અને આવી ખૂબ જ ગંભીર બાબતોની ચર્ચાઓ થતી નથી. પરિણામે આજની અને આવતીકાલની ભાવિ પેઢીઓનું ભાવિ આપણે જ અંધકારમય બનાવી રહ્યાં છીએ.

# મજા - એ - મુફત ....!!!!!



**રજળપાટ**
**અજય ઉપાધ્યાય**

હમણાં જ વોટ્સઅપ પર એક વિડીયો વાઈરલ થયેલો ...સુટ-બુટમાં સજ્જ અનેકો મહાનુભાવો કોઈ અધિવેશનમાં આઈસ્ક્રીમના કપની લુંટફાટ કરતા હતા ...બધા એકદમ સજ્જન અને સુસંસ્કૃત લાગતા હતા એટલું જ નહી પણ કોઈ અધિવેશનમાં આવેલા ડેલીગેટસ છે એવું એ વિડીયોમાં કહેવામાં આવેલું ...અધિવેશનમાં આપવામાં આવતા આઈસક્રીમના કપને વ્યક્તિદીઠ લેવાય એટલી સંખ્યામાં લેતા જોઈને હસવું તો આવી જ ગયું પણ સાથેસાથે માનવમનના એક મહત્વના પાસાના પણ દર્શન થયા ...અને એ પાસું છે 'મફત' મળે તો લડી લેવું ...!!! આઈ મીન મફત મળતું હોય ત્યારે આગળ-પાછળ કે આજુ-બાજુ જોયા વગર ખિસ્સા કે પછી જે ભરાઈ એ ભરી લેવું ...!!! કોઈ કવિતામાં કહ્યું છે ને કે ' ગમતાનો કરીએ ગુલાલ ' બસ કૈક એવી જ રીતે ' મફતનો કરીએ ઉત્સવ ' ( અહી લુંટફાટ દરેક વખતે લાગુ નથી પડતું બબુઆ ..!!! ) ...અલ્યાઓ ..આયોજકોએ ખાવા માટે જ તો હિમક્રીમ રાખેલો , હા જરા ' મફત ' મેળવવાની લ્હાયમાં લુંટફાટ જેવું થઈ ગયું તો શું હે ...? નથીંગ રોંગ ના ....!!! આ તો છીંડે ચડ્યો ચોરની જેમ આ બાપડાઓ વિડીયોમાં ઝડપાઈ ગયા બાકી જ્યાં જ્યાં ' ફ્રી ' કે ' મફત...મફત....મફત ' નો નાદ સંભળાશે ત્યાં ત્યાં આ સિનારિયો અચૂક દેખાશે ...પછી એ કોઈ મોલમાં હોય ...ફૂટપાથ પર હોય કે પછી ઓનલાઈન હોય ...!!!! સાલું આ ફ્રી કહેતા મફતની મોહમાયા ગરીબ હોય કે તવંગર બધાને એકસરખી જ લાગે છે ....હા ક્યારેક એનું સ્થળ બદલાઈ પણ ' મફત ' બીના ચૈન કહા રે ...ગાતા ગાતા સકલ બ્રહ્માંડમાં હું ને તમે એને શોધતા ફરતા હોઈએ છીએ ....હૈ કી નહિ ....?????

અસલમાં આ ' મફત ' શબ્દ સામે સકલ બ્રહ્માંડમાં અમારા સહીત અનેકોને સખત વિરોધ છે . શેનું મફત ભાઈ ...? એ આપે છે ને આપણે લઈએ છીએ ....આપણે નહિ લઈએ તો કોઈ બીજું લેશે ...કોઈ બીજું નહિ તો કોઈ ત્રીજું ...પણ લેશે તો ખરું જ ને . એ આપવા બેઠા છે તો દોણી સંતાડવાનો શું અર્થ હે ?.!!! અરે મિત્ર કોઈ ૨૦૦ ગ્રામ ટુથપેસ્ટ પર ૫૦ ગ્રામ ટુથપેસ્ટ મફત – આઈ મીન ફ્રી આપે છે તો એના આ ઉત્સાહને આપણે વધાવવો જોઈએ નહિ કે મફત મળે છે લઈ લ્યો લ્યા..કહીને નીચું દેખાઈ એવું કરવાનું ...!! શાકભાજી સાથે મરચા-કોથમીર મફત માંગવાનો ઉપક્રમ તો સદીઓથી ચાલતો આવે છે એટલે શું એ મફતનો કોઈ મહિમા જ નહિ ? ભલે ને ભાવ કસીને શાકભાજી લીધી હોય પણ જ્યાં સુધી રકઝક કરીને પણ પેલી ફ્રી કોથમીર-મરચા મળે નહિ ત્યાં સુધી આપણે શાક લેવાનો સંતોષ ના લઈ શકીએ ...!! કોઈને મિસકોલ મારવો ( કેમકે એ ફ્રી છે ) એ કઈ કંજુસાઈની નિશાની થોડી છે ? એક કરોડ ખર્ચીને ફ્લેટ લીધો હોય પણ ઘરે આવનાર મહેમાનને ફ્લેટની સાથે સાથે ગર્વથી – સીના તાન કે ફ્લેટની સાથે ' ફ્રી ' આવેલું ૪૦ ઈંચનું એલઈડી ના બતાવીએ તો ફ્લેટ લેવાની મજા જ મરી જાય ..!!! ૩-૪ મહિના એકદમ ધ્યાન રાખીને કાપેલા કુપનો ચોટાડીને ૩૦-૫૦ રૂપિયાની ફ્રી ગીફ્ટ લેવા લાઈનમાં ઉભા રહેવામાં શરમ શેની ...? એ આપણો અધિકાર છે ( આવું દિલને સમજાવવા કહી જ દેવું )...!! જીઓ કે બીજા સર્વિસ પ્રોવાઈડર બધા કોલ ફ્રી આપે છે અને એ પણ અનલીમીટેડ અને આપણે નોનસ્ટોપ વાતો કર્યે જઈએ છીએ પણ યુ કનો સાચી મજા ફ્રી અનલિમિટેડ કોલિંગમાં નહિ પણ ' ફ્રી' અનલિમિટેડ કોલિંગમાં છે ..!!!! કુછ સમજે કી નહિ ...!!!!! ના સમજાય તો ફરી વાંચો ....( ફરી હો .' ફ્રી ' નહિ )...!!!

'મફત ' શબ્દ જ એવો છે કે દુરદુરથી પણ બોર્ડમાં લખેલો આ શબ્દ દેખાઈ જાય કે છાપાની જાહેરાતો વચ્ચે ગમે ત્યાં છુપાયેલો હોઈને તો પણ આ શબ્દને આપણે બાકાયદા પકડી પાડીએ ...!!! અને જો ના જોવા કે વાંચવા મળે તો 'તું છુપા હૈ કહા, મૈ તડપતા યહા ' ગવાઈ જ જાય ...!! આ શબ્દની તાકાત જ એવી છે કે કોમામાં ગયેલા પેશન્ટના કાનમાં જો ડોક્ટર આ બોલે તો બની શકે કે પેલો હોશમાં પણ આવી જાય ...!!! ' મફત ' શબ્દનો જલવો જ એવો છે કે ડાયેટ પર રહેલો ઈન્સાન પણ મફત મળતું હોય તો સમોસું વિથ ગ્રીન ચટની બિન્દાસ ખાઈ નાખે ...ડાયેટ કી ઐસી કી તૈસી !! ભવિષ્યમાં કામ લાગી શકે છે એમ વિચારીને જો મફત મળતી હોય તો લોકો ઝેરની ગોળીઓ પણ લઈને સંઘરી રાખે !!! અસલમાં ' મફતમાં મળે તો માણસ ઝેર પણ ના છોડે ' એ કહેવત છે જ ..!! મૂળ ચીજ સાથે મફત મળતી ચીજ નબળી હોય કે પછી નબળી ચીજ સાથે મળતી ફ્રિ ચીજ સબળી હોય એની સાથે આપણે શું લેવાદેવા ..? આપણે તો અર્જુને જેમ માછલી પર નજર રાખેલી એમ ' ફ્રી ' ચીજ પર નજર રાખવાની ..!!!

પણ આમ જોવા જાવ તો કશું જ ખરેખર મફત હોતું નથી.. બધો મનનો વહેમ છે બચ્ચા ..!!!. સાબુ કે શેમ્પુ કે ખાંડ કે બિસ્કીટ સાથે ફ્રી મળતા પાઉચ કે બીજી ચીજો એ ભવિષ્યના કસ્ટમર ઉભા કરવાનો કારસો હોય છે ...મફતમાં મળેલ ૧૦ મિગ્રા શેમ્પુ વાપરનારમાંથી કાલે સવારે અર્ધા પણ એ જ શેમ્પુની ૨૦૦ રૂપિયાવાળી બોટલ ખરીદે તો પણ પેલા મફત પાઉચ આપવાવાળાનો બેડો પાર થઈ જાય ...!!! વેબ્સાઈટ પર ખાલી લોગીન કરીને ફ્રી કોફી કે નાસ્તો મેળવનારા લોકોના પ્રોફાઈલ ડેટાની કીમત પેલી કોફી કે નાસ્તાથી વધુ જ હોય છે ....!!! ગયા વર્ષે જ મદ્રાસ હાઈકોર્ટે એક ચુકાદો આપેલ કે મફતમાં અપાતા ચોખાને લીધે લોકો આળસુ થઈ ગયા છે એટલે હવેથી સરકાર દ્વારા અપાતા મફત ચોખા ફક્ત બીપીએલ પરિવારોને જ આપવામાં આવે ...!!! કોર્ટે નોંધેલું કે સરકારે દરેક વર્ગો માટે લાગુ કરેલી આ ' મફત ચોખા યોજના ' ને લીધે લોકો સરકાર પાસેથી હજુ વધુ ચીજો મફત મળે એવી આશા રાખતા થઈ ગયા છે ...!!! છે ને જબરું ...!! જો કે સરકાર દ્વારા આપતી સબસીડી, મફત પાણી , આરોગ્ય કે શિક્ષણ જેવી કે બીજી મફત યોજનાઓથી નીચલા સ્તરે જીવતા , જરૂરીયાતમંદ લોકોનું કલ્યાણ થાય છે એ હકીકત છે ,,!!! પણ એ મફત ને આપણું મફત બંને અલગ છે હો ...!!!

આ સરકાર પરથી જ યાદ આવ્યું કે મફતની સૌથી વધુ જાહેરાતો અને લહાણી પણ આ રાજકારણીઓ જ કરે છે ...!! એમાયે અત્યારે ચૂંટણીની મોસમ છે ..ફ્રી નાસ્તા, રોકડાની રેલમછેલ અને જમણવારો તો ખરા જ પણ એ સિવાય પણ કોઈ ફ્રી લેપટોપ તો કોઈ ફ્રી સાડી કે ઘર કે દેવામાફી કે પછી ના જાને ક્યા ક્યા ....!!!! મફત એપ ડાઉનલોડની સાથે ભલેને આપણા કોન્ટેક્ટ કે બીજું લઈ લે ...હું કેર્સ ? પાણીપુરી ખાધા પછી ' ફ્રી ' મસાલાપુરી ખાવી એ આપણો અધીકાર છે !!! સાધુ-સંતો તો કહે કે મફતમાં મળેલી ચીજો સંતાપ લાવે છે પણ એમને શું ખબર કે ફ્રી માં આવેલી ચા ની ૨૦ ગ્રામની ડબ્બી પાડોશીને બતાવવામાં કેટલો આનંદ આવે છે ...!!! ભલે ને ૨૦૦ ના ફ્રી ડાઈનીંગ વાઉચર વાપરવા ૭૦૦ નું ડીનર કરવું પડે ...તો શું થયું ? એમાયે ૨૦૦ નો ફાયદો તો થયો કે નહિ ...? હમેશા મોલમાં , શોપીંગમાં કે જ્યાં જ્યાં નજર મારી ઠરે ત્યાં ત્યાં જો કોઈ સ્કીમ ' ફ્રી ' કે ' મફત ' વાળી હોય તો ના આવ કે તાવ દેખ્યા વગર એ વસ્તુ-સ્કીમ-ઓફર ઝડપી લેવી એ જ આ યુગનો સનાતન – સિદ્ધ મંત્ર છે વત્સ ....!!!!!!!

### વિસામો

હોટેલ એસોસિયેશનનો એક રીપોર્ટ કહે છે કે હોટેલમાં ઉતરનાર મોટાભાગના લોકો રૂમમાં રાખેલા સાબુ-શેમ્પુ-તેલ-ટુવાલ જેવી ચીજો ચેકઆઉટ કરતી વખતે સાથે લેતા જાય છે કેમકે રૂમભાડા સાથે આ બધું ' ફ્રી ' જ ગણાય એવું ગ્રાહકોનું માનવું છે ..!!! – વાત ખોટી'ય નથ ...!!!